# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૪ | ૧૪ ઓક્ટોબર, ૨૦૨૧, ગુરૂવાર; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યમાં ભરતી માટે વયમર્યાદામાં ૧ વર્ષની છૂટ

**પહેલી સપ્ટેમ્બરથી આવનારી ભરતીમાં એક વર્ષની છૂટ મળશે : અનામત કેટેગરીના ઉમેદવારોની વયમર્યાદા ૪૧ વર્ષ : કોરોનાને કારણે અટવાઈ પડેલી ભરતીની પ્રક્રિયામાં વયને લીધે ગેરલાયક ઠરનારા ઉમેદવારોને સરકારે આપી રાહત : કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો**

ગાંધીનગર,તા.૧૩

કોરોનાને કારણે લાંબો સમય સુધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના લેવાતા વયમર્યાદાને કારણે તેમાં બેસવાની તક ગુમાવનારા ઉમેદવારોને સરકારે મોટી રાહત આપી છે.

આજે મળેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે, ૧ સપ્ટેમ્બર ૨૦૨૧થી લઈને ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન આવનારી સીધી ભરતીમાં આ વયમર્યાદા લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત, સરકારે ટીએટીની વેલિડિટી વધારવાનો પણ નિર્ણય લીધો છે, જેના અંતર્ગત ૩૩૦૦ જેટલી ભરતી પુરકમાં થશે, જેની પ્રક્રિયા ઝડપથી શરુ કરવામાં આવશે.

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયની જાણકારી આપતા જણાવ્યું હતું કે કોરોનાને કારણે અટવાઈ પડેલી ભરતી પ્રક્રિયામાં જે યુવાનો વયમર્યાદાને કારણે બિનલાયક ઠરે તેમ હતા તેમને વયમર્યાદામાં એક વર્ષની છૂટ અપાઈ છે. જેના હેઠળ સ્નાતક કક્ષાની ભરતીમાં હાલ બિનઅનામત વર્ગના પુરુષ ઉમેદવારોની વય ર્યાદા ૩૫ વર્ષથી વધારીને ૩૬ વર્ષ કરાઈ છે, જ્યારે બિનસ્નાતક કક્ષાની ભરતીમાં ઉપલી વયમર્યાદા ૩૪ વર્ષ કરાઈ છે. આ ઉપરાંત, સ્નાતક કક્ષાની ભરતીમાં અનામત વર્ગના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા ૪૦ વર્ષથી વધારીને ૪૧ વર્ષ કરાઈ છે, જ્યારે બિનસ્નાતક કક્ષાની ભરતીમાં તેને ૩૯ વર્ષ કરાઈ છે. તે જ રીતે, મહિલાઓને પણ ઉપલી વયમર્યાદામાં એક વર્ષની છૂટ અપાઈ છે, પરંતુ આ છૂટ ૪૫ વર્ષની વય સુધી મર્યાદિત છે. જીતુ વાઘાણીએ એમ પણ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પરીક્ષાની પદ્ધતિ બદલાશે. તેમાં ત્રિસ્તરીય પરીક્ષા લેવામાં આવશે. જોકે, તે અમલમાં ના આવે ત્યાં સુધી ટીએટીની મુદત વધારવામાં આવી છે. જેનાથી ટીએટી પાસ યુવકોને નોકરીની તક મળશે, અને ૩૩૦૦ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં સરળતા રહેશે.

## ડ્રગ્સ કેસમાં આરોપી આર્યન ખાનને જામીન મળ્યા નહી

મુંબઈ, તા.૧૩

ડ્રગ્સ કેસના આરોપી શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનને આજની રાત પણ જેલમાં વિતાવવી પડશે. બુધવારે તેની જામીન અરજી પર લગભગ ત્રણ કલાક સુધી સુનાવણી ચાલી અને કોઈ નિર્ણય આવ્યો નહીં. કોર્ટે હવે આ અંગે ગુરુવારે સુનાવણી કરવાનું કહ્યું છે. આ મામલો હવે ગુરુવારે સવારે ૧૧ વાગ્યા પછી જ સુનાવણી કરવામાં આવશે. આવી સ્થિતિમાં આર્યન ખાનની જેલમાંથી બહાર આવવાની રાહ લાંબી થઈ ગઈ છે.જામીન પર સુનાવણી દરમિયાન દ્રઝમ એ કહ્યું કે આર્યન ખાન અને વિદેશી નાગરિક વચ્ચે ચેટ મળી છે. આ ચેટમાં હાર્ડ દવાઓના વ્યાપારી જથ્થા વિશે વાત કરવામાં આવી હતી.

# ગતિ શક્તિ રાષ્ટ્રીય મિશન લોન્ચ કરાયું

**૧૦૦ લાખ કરોડ રૂપિયાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ગતિ મળશે : આગામી ૪-૫ વર્ષમાં દેશમાં ૨૦૦થી વધુ નવા એરપોર્ટ, હેલિપેડ અને વોટર એરડોમ બનાવાશે : દેશના ખેડૂતો, માછીમારોની આવક વધારાશે : મોદી**

નવી દિલ્હી, તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પ્રધાનમંત્રી ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની શરૂઆત કરી. તેનાથી ૧૦૦ લાખ કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ગતિ મળશે. પીએમ મોદી સ્વતંત્રતા દિવસ ૨૦૨૧ ના અવસર પર લાલ કિલ્લા પરથી આ પ્લાનની જાહેરાત કરી હતી. પીએમ મોદીએ ગતિ શક્તિ રાષ્ટ્રીય મિશનનું લોન્ચિંગ કર્યું હતું. હાલ તે ત્યાં લાગેલા પ્રદર્શનીને જોઈ રહ્યા છે. આ કાર્યક્રમ પ્રગતિ મેદાનમાં થઈ રહ્યું છે.




પીએમ મોદીએ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન સંબોધન કરતાં કહ્યું હતું કે આજે દુર્ગાઅષ્ટમી છે. આજે આખા દેશમાં કન્યા પૂજન થઈ રહ્યું છે. આજે દેશની પ્રગતિને શક્તિ આપવાનું શુભકાર્ય થઈ રહ્યું છે. આ ૨૧મી સદીના ભારતના નિર્માણને નવી ઉર્જા આપશે. તેમના માર્ગમાં અડચણોને દૂર કરશે. ભારતના વિકાસને ગતિ આપશે. આગામી ૪-૫ વર્ષમાં દેશમાં ૨૦૦થી વધુ નવા એરપોર્ટ, હેલિપેડ અને વોટર એરડોમ બનવા જઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઉ.પ્રદેશને વધુ એક નવા એરપોર્ટની ભેટ મળશે

લખનઉ, તા.૧૩

ઉત્તર પ્રદેશને નવા એરપોર્ટની ભેટ મળવાની છે. પીએમ નરેન્દ્ર મોદી ૨૦ ઓકટોબરે તેનું ઉદ્ઘાટન કરશે. કુશીનગર એરપોર્ટ પ્રદેશનું ત્રીજુ ઓપરેશનલ ઈંટરનેશનલ એરપોર્ટ થશે. આ દરમિયાન પીએમ મોદીના કુશીનગર પ્રવાસની તૈયારીઓ પુરી થઈ ગઈ છે.

પીએમ મોદીના આ પ્રવાસ દરમિયાન બૌદ્ધ ભિક્ષુકોની મુલાકાતનો કાર્યક્રમ પણ સામેલ છે. આ દરમિયાન વિદેશી ડેલીગેશન પણ આ કાર્યક્રમમાં હાજર રહેશે.આ દરમિયાન યુપીના સીએમ યોગી આદિત્યનાથ પણ હાજર રહેશે. પીએમ મોદીના બીજા કાર્યક્રમની વાત કરીએ તો ૨૫ ઓકટોબરે તેઓ સંસદીય ક્ષેત્ર વારાણસીના પ્રવાસે જઈ શકે છે.

## પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની તબીયત બગડી

**બે દિવસ પહેલા તેમને તાવ આવ્યો હતો ત્યારબાદ ડોક્ટરોની સલાહ બાદ AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે**

નવી દિલ્હી, તા.૧૩

પૂર્વ પ્રધાનંત્રી મનમોહન સિંહની તબીયત ખરાબ થતાં તેમને એમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ્સ કાર્ડિયો ટાવરમાં ડો. નિતીશ નાયકના નેતૃત્વમાં ડોકટરોની ટીમ પૂર્વ પ્રધાનમંત્રીની સારવાર કરી રહી છે.



જાણવા મળી રહ્યું છે કે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહને તાવની ફરિયાદ બાદ છૈંસ્જી દિલ્હીમાં દાખલ કરાવવામાં આવ્યા છે. બે દિવસ પહેલા તેમને તાવ આપ્યો હતો ત્યારબાદ આજે ડોક્ટરોની સલાહ બાદ દાખલ કરવામાં આવ્યા છે. ડોક્ટરોની એક ટીમ તેમના પર નજર રાખી રહી છે. આ વર્ષે એપ્રિલમાં મનમોહન સિંહ કોરોનાથી સંક્રમિત પણ થયા હતા અને એમ્સમાં થોડા દિવસની સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. પૂર્વ પ્રધાનમંત્રીએ ચાર માર્ચ અને ત્રણ એપ્રિલે કોરોના રસીના બંને ડોઝ લીધા હતા. પાછલા વર્ષે એક નવી દવાને કારણે રિએકશન અને તાવ બાદ પણ મનમોહન સિંહને એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. થોડા દિવસની સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. મનમોહન સિંહ કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે અને હાલ રાજસ્થાનથી રાજ્યસભા સાંસદ છે. તેઓ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી દેશના પ્રધાનમંત્રી રહ્યા હતા. એમ્સમાં ૨૦૦૯માં તેમની બાયપાસ સર્જરી થઈ હતી. તેમની ઉમર ૮૮ વર્ષ છે અને તેમને શુગરની બીમારી પણ છે.

# કેરલમાં ભારે વરસાદ

**નદીઓ હાઇ લેવલ પર : અલગ-અલગ જિલ્લામાં ઓરેન્જ અને યલો એલર્ટ : ત્રિશૂર તથા કોઝિકોડના ઘણા ભાગમાંથી લોકોને નિકાળીને રાહત તથા પુનર્વાસ છાવણીમાં પહોંચાડવામાં આવ્યા**





નવી દિલ્હી, તા.૧૩

કેરલમાં ઘણા ભાગોમાં મંગળવારે સતત ભારે વરસાદના લીધે નદીઓને અને ડેમમાં જળસ્તર વધી ગયું.

ત્રિશૂર તથા કોઝિકોડના ઘણા ભાગમાંથી લોકોને નિકાળીને રાહત તથા પુનર્વાસ છાવણીમાં પહોંચાડવામાં આવ્યા જયારે મલ્લાપુરમાં બે બાળકીઓના મોત થયા છે. હવામાન વિભાગ અને સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ કોઝિકોડ, પલક્કડ, મલ્લાપુરમ અને વાયનાડ જેવા વિભિન્ન જિલ્લા માટે ૧૫ ઓક્ટોબરથી પહેલાં સુધી નારંગી અને યલો એલર્ટ જાહેર કર્યા છે. ઓરેંજ અને યલો એલર્ટ ક્રમશઃ મૂશળાધાર તથા ભયંકર વરસાદના સંકેત છે.

ચેતાવણી જાહેર કરવા તથા નદીઓ તથા ડેમમાં સતત જળસ્તર વધ્યા બાદ ત્રિશૂર, કોઝિકોડ અને મલ્લાપુરમ જિલ્લા વહિવટી તંત્ર હરકતમાં આવી ગયા અને તેમણે આ પરિવારોને રાહત છાવણીમાં પહોંચાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે જે પ્રભાવિત છે અથવા જે પ્રભાવિત થવાની આશંકા છે.

વાયનાડ, કન્નૂર અને કસારગોડ જિલ્લા વહિવટીતંત્રએ કહ્યું કે તે કોઈપણ ઈમરજન્સી સ્થિતિ માટે તૈયાર છે જે વર્ષાના લીધે ઉત્પન્ન થઈ શકે છે, તેમણે માછીમારો તથા નિચાણવાળા વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને એલર્ટ રહેવાની ચેતાવણી આપી છે. રાજયમાં વરસાદના લીધે ઘણા રસ્તા તથા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. હવામાન વિભાગે ૨૪ કલાક દરમિયાન રાજયના વિભિન્ન ભાગોમાં ૬૪.૫ મિલી મીટરથી ૨૦૪.૪ મિલીમીટર સુધી વરસાદ પડવાનું અનુમાન લગાવ્યું છે.

મોનસૂન ગત બુધવારથી પરત ફરવાનું શરૂ થયું હતું અને આ પશ્ચિમી રાજસ્થાન અને ગુજરાતના કેટલાક ભાગોથી પરત ફર્યું છે. આઈએમડીના અમદાવાદ કેંદ્રએ બપોરે બુલેટિનમાં કહ્યું કે દક્ષિણ-પશ્ચિમ મોનસૂન આજે ગુજરાતથી પરત ફરશે.

## ત્રાલ એનકાઉન્ટરમાં જૈશનો ટોપ કમાન્ડર શામ સોફી ઠાર

**સુરક્ષાદળોને મળેલી મોટી સફળતા : ઓપરેશનમાં સીઆરપીએફની ૧૭૮ બટાલિયન, રાષ્ટ્રીય રાઇફલ્સ અને પોલીસ જવાન સામેલ રહ્યા હતા**

શ્રીનગર, તા.૧૩

જમ્મુ-કાશમીરના ત્રાલમાં એનકાઉન્ટરમાં આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ટોપ કમાન્ડર શામ સોફીને ઢેર કરી દેવામાં આવ્યો છે. આઈજીપી કશ્મીર વિજય કુમારે આ વાતની જાણકારી આપી છે. આ પહેલા પોલીસે જણાવ્યું હતું કે અવંતીપોરાના ત્રાલ વિસ્તારના તિલવાની મોહલ્લામાં અથડામણ શરૂ થઈ છે. પોલીસ અને સુરક્ષાદળોનું ઓપરેશન જારી છે. પાછલા દિવસોમાં સુરક્ષાદળોએ પાંચ આતંકીઓને ઠાર કર્યા હતા.



શોપિયાંમાં સોમવારે અને મંગળવારે સુરક્ષાદળોએ ઓપરેશનમાં પાંચ આતંકીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. શોપિયાં જિલ્લાના તુલરાન અને ફેરીપોરા વિસ્તારમાં થયેલા આ ઓપરેશનમાં સીઆરપીએફની ૧૭૮ બટાલિયન, રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસના જવાન સામેલ રહ્યા હતા. શોપિયાંમાં એક અથડામણ તુલરાન વિસ્તારમાં થઈ, જેમાં લશ્કરવાળા ટીઆરએફ સંગઠને ત્રણ આતંકીઓને ઠાર કર્યા. અહીં એક આતંકીની ઓળખ મુખ્તાર શાહ તરીકે થઈ, જે ગાંદરબલનો રહેવાસી હતો અને શ્રીનગરમાં વીરેન્દ્ર પાસવાનની હત્યામાં સામેલ હતો. હુમલા બાદ આતંકી ભાગીને શોપિયાં આવ્યો હતો. આ સિવાય બીજુ એનકાઉન્ટર શોપિયાંના ફેરીપોરા વિસ્તારમાં થયું, જ્યાં બે આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

## બ્રિટનથી આવતા યાત્રીકોને ૧૦ દિ'ના ક્વોરેન્ટીનથી છૂટ

**ભારત સરકારે પરત લીધી ટ્રાવેલ એડવાઇઝરી : યાત્રીકો પર ૧૭ ફેબ્રુ.એ જાહેર કરાયેલા નિયમ લાગૂ થશે**

નવી દિલ્હી, તા.૧૩

વેક્સીનેટેડ ભારતીય યાત્રીકો માટે બ્રિટનમાં ૧૦ દિવસના ક્વોરેન્ટીન નિયમ ખતમ થયા બાદ ભારતે પણ હવે ઢીલ આપી છે. ભારતે પણ બ્રિટનથી આવનારા યાત્રીકો માટે ૧ ઓક્ટોબરથી જાહેર કરવામાં આવેલી ટ્રાવેલ એડવાઈઝરીને પરત લઈ લીધી છે, જેનો સીધો અર્થ છે કે યૂકેથી આવનાર યાત્રીકોએ હવે ભારતમાં ૧૦ દિવસ સુધી ક્વોરેન્ટીન રહેવાની જરૂર નથી. હવે બ્રિટનથી આવનારા યાત્રીકો પર ૧૭ ફેબ્રુઆરીએ જાહેર કરાયેલા નિયમ લાગૂ થશે. સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી બુધવારે આ સંબંધમાં નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.

જૂના નિયમ પ્રમાણે બ્રિટનથી આવનાર યાત્રીકો માટે નેગેટિવ-આરટીપીસીઆર રિપોર્ટ દેખાડવો જરૂરી છે. આ રિપોર્ટ ૭૨ કલાકથી વધુ જૂનો હોવો જોઈએ નહીં. સાથે એરપોર્ટ પર થર્મલ સ્ક્રીનિંગમાં સંક્રમણના લક્ષણ દેખાવા પર સંબંધિત વ્યક્તિને તત્કાલ આઈસોલેટ કરવાની પણ જોગવાઈ છે.

મહત્વનું છે કે બ્રિટને ૪ ઓક્ટોબરથી નવા ટ્રાવેલ નિયમ જાહેર કર્યા હતા. તે હેઠળ ઓક્સફોર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોરોના વેક્સીન લેનારા યાત્રીકોને ક્વોરેન્ટીનની જરૂર નહતી પરંતુ બ્રિટને ભારતની કોવિશીલ્ડ રસી લેનારાને આ છૂટ આપી નહોતી. જ્યારે બંને વેક્સીન એક ફોર્મ્યુલા પર બનેલી છે. એટલે કે બંને ડોઝ લેનારા ભારતીય યાત્રીકો માટે બ્રિટન પહોંચવા પર ૧૦ દિવસનું ક્વોરેન્ટીન ફરજીયાત હતું.

## પરિવારમાં પાંચ સભ્યો હોવા છતાં ભાજપના નેતાને ચૂંટણીમાં માત્ર એક જ મત મળ્યો!

**કોઈમ્બતુરમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી : ભાજપના નેતાએ કહ્યું, મારા માટે ૧ વોટ પણ જીત સમાન**

કોઈમ્બતુર,તા.૧૩

તમિલનાડુમાં તાજેતરમાં સમ્પન્ન થયેલી સ્થાનિક સ્વરાજ્યની પેટાચૂંટણીમાં ભાજપના નેતાને માત્ર એક જ વોટ મળ્યો છે. આ ઉમેદવારે ચૂંટણીમાં અપક્ષ તરીકે ઝંપલાવ્યું હતું. જોકે, મંગળવારે પૂરી થયેલી મતગણતરીમાં તેમને માત્ર એક જ વોટ મળતા આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. ટ્વીટર પર પણ ભાજપના ઉમેદવારનું પર્ફોમન્સ ટ્રેન્ડમાં હતું. અહેવાલ અનુસાર, છદ્ભજી નગરના ડી કાર્તિક (ઉ. ૩૩ વર્ષ) કુરુડપાલયમ ગ્રામ પંચાયત ચૂંટણીના વોર્ડ નં.૯ના ઉમેદવાર હતા. જોકે, તેમને માત્ર એક જ મત મળતા સ્થાનિક ન્યૂઝ ચેનલ્સમાં પણ આ સમાચાર આગની જેમ ફેલાઈ ગયા હતા. કાર્તિક કોઈમ્બતુર નોર્થ ડિસ્ટ્રિક્ટના ભાજપના યુવા મોરચાના ઉપપ્રમુખ પણ છે, અને તેઓ મોબાઈલની દુકાન ધરાવે છે. પેટાચૂંટણીમાં તેમને ગાડીનું ચિન્હ ફાળવવામાં આવ્યું હતું. ગુરુવારે બપોરે મતગણતરી પૂરી થઈ ત્યારે કાર્તિકને માત્ર એક જ મત મળ્યો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. કેટલાક મીડિયા રિપોર્ટ્સ

● અનુસંધાન પાન-૭ પર

## ચીને ડબ્લ્યુએચઓની ચામાચીડિયાની ગુફાઓમાં તપાસની માંગને ફગાવી

**ચીન સતત સરહદોની અંદર કોવિડની ઉત્પતિને લઇને કરવામાં આવતી આંતરરાષ્ટ્રીય તપાસ પડતાલનો વિરોધ કરતું રહ્યું છે**

નવી દિલ્હી,તા.૧૩

કોરોના વાયરસ મહામારીની ઉત્પતિની તપાસ માટે ચીનને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના નિર્દેશોને ફગાવતા ચામાચીડિયાની ગુફાઓ અને પ્રજનના ફાર્મોના નિરીક્ષણથી ઈંકાર કરી દીધો છે. અમેરિકી અખબાર વોશિંગ્ટન પોસ્ટના એક રિપોર્ટ પ્રમાણે ડબલ્યુએચઓ વુહાનથી લગભગ ૬ કલાક દૂરી પર રહેલ ઈંશીમાં તપાસ કરવા માંગતું હતું જે કોરોના મહામારી માટે દુનિયાનું સૌથી મોટું કેન્દ્ર બનીને ઉભર્યું હતું. ચીન સતત પોતાની સરહદોની અંદર કોવિડની ઉત્પતિને લઈને કરવામાં આવતી આંતરરાષ્ટ્રીય તપાસ પડતાલનો વિરોધ કરતું રહ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને પહેલા જ એ વાતની જાણ થઈ ગઈ હતી જોકે ચીનમાં સદસ્યોની અવરજવર પર સખત પ્રતિબંધ હતો.

આખરે પોતાની તપાસના અંતમાં ટીમે એ વાત પર ભાર આપ્યો કે તેમને તેના પર વધારે તપાસ કરવાની જરૂર છે. ઓગસ્ટમાં અમેરિકી જાસુસી એજન્સીઓએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનને એ વાતની જાણકારી આપી હતી કે કોરોના વાયરસ કોઈ બાયોલોજિકલ હથિયાર નથી પણ એવી ઘણી સંભાવના છે કે તે પ્રાકૃતિક સંચરણ કે પછી લેબમાં લીકના માધ્યમથી ફેલાયો હોય. જોકે ચીને એવા બધા આરોપો ફગાવ્યા છે કે જેમાં કહેવામાં આવ્યું છે કે કોવિડની ઉત્પતિ તેની ધરતી પર થઈ છે. વુહાનની આસપાસ એનિમલ ફાર્મ પર તે સમયે ધ્યાન ગયું જ્યારે ખબર પડી કે આ ફાર્મમાંથી જાનવરો વુહાનના વેટ માર્કેટમાં વેચવામાં આવી રહ્યા છે. જ્યારે આવા જાનવરોના વેચાણ પર કાનૂની રીતે પ્રતિબંધ છે.